
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ મિથુન**

**આજના ગ્રહોની કુંડળી**




**ચૈત્રી નવરાત્રિ ચાલે છે. ચાંડાલ યોગ અને મીનારક કમૂરતા ચાલુ છે. ઉચ્ચનો શુક્ર ચાલે છે. ● જો જન્મના ગ્રહો બળવાન હશે તો... ● ચંદ્ર રાત્રે સાડા ત્રમે બદલાઈને વૃષભમાંથી મિથુનમાં જાય છે.**

**મેષ** કાલે રાત્રે પોણા આઠે આપની રાશિમાં સૂર્ય પ્રવેશ કરશે. ઉચ્ચનો સૂર્ય અને ઉચ્ચનો શુક્ર તેમજ સ્વગૃહી મંગળ આપને આનંદદાયક દિવસ પસાર કરાવશે.

**વૃષભ** ઉચ્ચનો શુક્ર અગિયારમે છે જે રાશિ પતિ છે. સુયોગ ચાલે છે - ખૂબ મદદકર્તા થશે. કાલે બારમે બુધની જોડે ઉચ્ચનો સૂર્ય આવે છે જે ખોટા ખર્ચા કરાવે.

**મિથુન** આપની રાશિથી દસમે સૂર્ય શુક્ર તેમજ ત્રીજે પરાક્રમભુવનમાં ગુરુ ને રાહુ પણ સફળ સહાસ કરાવે તેમ છે તેથી આપનો દિવસ આજે આનંદમય જશે.

**કર્ક** સાતમાનો માલીક બીજે ચાંડાલયોગ તથા પાંચમે મંગળ સાથે દુષિત થયેલ હોઈ લોકભાગીદારીનો તથા મિત્રોનો સાથ સહકાર મેળવવામાં મુશ્કેલી પડે - સાવધ રહેવું.

**સિંહ** ચાંડાલયોગ તથા ચોથે શનિ મંગળની યુતિ તમારી લોકપ્રિયતામાં ઓટ લાવશે ને તમોને ન ધારેલ પીછેહઠ કરવી પડે તેવા યોગો ઉભા થયેલ છે. લોકમુખે તમારી ચર્ચા થઈ શકે છે.

**કન્યા** સાતમે સૂર્ય શુક્રની યુતિના કારણે શુક્રનું સારું ફળ હજુ બે દિવસ પછીથી મળવાનું ચાલુ થનાર છે તેથી ધીરજ રાખી સારા સમયની રાહ જોશો તો તમારે માટે સારું છે.

**તુલા** રાશિપતિ શુક્ર સૂર્યની યુતિમાં હોઈ પીડીત છે - દુષિત છે - માટે સારા સમયની રાહ જુઓ - બે દિવસ બાદ સૂર્ય બદલાયા બાદ સારો સમય ચાલુ થશે. ચિંતા ના કરો.

**વૃશ્ચિક** રાશિપતિની વક્રી શનિ સાથેની રાશિમાં યુતિ છે જે હાનિકારક ગણી શકાય. આઠમે ચંદ્ર શરદી સળેખમ ને ઠંડીના રોગોથી બચવાનો નિર્દેશ કરે છે - સાવધ રહેશો તો સારું.

**ધન** સાતમે ચંદ્ર અને ચોથે સૂર્ય શુક્રની યુતિ મિશ્રફળ આપનાર યોગોનો નિર્દેશ કરે છે. સારા - નરસાં અનુભવોમાંથી વારંવાર પસાર થવું પડે તેવા યોગો છે.

**મકર** આઠમે ચાંડાલ યોગ તમારી તંદુરસ્તી બગાડે તેવો યોગ છે. સાવચેતી રાખશો ને ભક્તિ પૂજા કરશો તો શૂળીનો ઘા સોયથી પતે તેવું થાય.

**કુંભ** સાતમે ચાંડાલ યોગ ખરાબ છે - જીવનસાથી - મિત્રો - સાથે વાદ-વિવાદમાં ઉતરવું પડે માટે ધ્યાન રાખી, સંયમ રાખીને વર્તશો.

**મીન** બે દિવસ સૂર્ય શુક્રની યુતિ ખરાબ છે - બે દિવસ પછીથી સૂર્ય બદલાય તેમ છે. સૂર્ય બદલાય પછીથી રાશિના ઉચ્ચના શુક્રથી ફાયદો થાય તેમ છે.

## પાલનપુરમાં ક્રિકેટ સટ્ટાની ૧૩ લાખની ઉઘરાણી સંદર્ભે કરાયેલ અપહરણના ચાર આરોપીઓ પોલીસના સકંજામાં

પાલનપુર, તા. ૧૧

બનાસકાંઠા જિલ્લો જાણે છેલ્લા કેટલાક સમયથી ક્રાઈમનું હબ બની ગયો છે. એક પછી એક હત્યા અને અપહરણના ગુનાઓ



અટકવાનું નામ નથી લેતા. ત્યારે આજે પાલનપુર પૂર્વ પોલીસને એક સપ્તાહ પહેલા થયેલા અપહરણના આરોપીઓને પકડવામાં સફળતા મળી છે.

પાલનપુરની બ્રીજેશ્વર કોલોનીના રહેવાસી અનિલભાઈ કાન્તિલાલ મોદી પોતાની સ્કુટી લઈ તા. ૨ના રોજ મહિલા મંડળથી ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા ચાર શખ્સો દ્વારા સ્કોર્પિયો ગાડીમાં અપહરણ થયુ હતુ. જો કે મોડી રાતે અપહરણકારોએ અનિલ મોદીનો છુટકારો કર્યો હતો અને તા. ૩ના રોજ અનિલભાઈએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે એક સપ્તાહની અંદર ચારેય અપહરણકારોને ઝડપી પાડ્યા છે.

અપહરણકારોએ અનિલભાઈને ગળે તલવાર રાખી રૂ. ૧૩ લાખનો હવાલો શૈલેષ માળી પાસે પડાવ્યો હતો અને ત્યારબાદ અનિલભાઈને અપહરણકારોએ બાલારામ પૂલ પર છોડી દીધા હતા. જો કે મળેલી બાતમીના આધારે ચારેય અપહરણકારોને ચિત્રાસણી નજીક રોડ પર આડશ કરી પોલીસે વ્હાઈટ સ્કોર્પિયો સાથે ચારેય શખ્સોને ઝડપી પાડ્યા હતા. આરોપીઓ પાસેથી પોલીસે તલવાર તેમજ સ્કોર્પિયો ગાડી પણ કબજે કરી છે. ઉલ્લેખનીય છે કે આરોપી અમરસિંહ ઉર્ફે દરબાર કકુસિંહ ચાવડા અનિલ મોદી પાસે ક્રિકેટના સટ્ટાના રૂ. ૧૨ લાખ ૯૨ હજાર માગતા હતા. જેને લઈને અમરસિંહે અપહરણ કરાવ્યું હતું.



શ્રી મુકતજીવન સ્વામીબાપા સ્મૃતિ મંદિર-વિશ્વ શાંતિ કેન્દ્ર રજત મહોત્સવ અંતર્ગત શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા રૂ. ૩૨ લાખના ખર્ચે હરકુંડી ખાતે તૈયાર કરાયેલ સ્વામીબાપા વાડીનું લોકાર્પણ આચાર્ય પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીજી મહારાજના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્વામીજી મહારાજે જણાવ્યું હતું કે આજુબાજુના ગામોમાં વસતા સમાજના લોકોને સુવિધા મળી રહે તે માટે વાડીનું નિર્માણ કરવામાં આવ્યું છે તેમજ મનુષ્યોએ વ્યસનોથી મુકત બનવું. આરોગ્ય એ જીવન માટે હિતકારી છે. આ ઉપરાંત બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાયા હતા. શ્રી સ્વામિનારાયણ મંદિર હરકુંડીના ૧૬મા પાટોત્સવ નિમિત્તે કથાનું પણ આયોજન કરાયું હતું. આ પ્રસંગે ગોધરા પંચમહાલના ડેપ્યુટી કલેકટર પી.એસ. પ્રજાપતિ હાજર રહ્યા હતા.

## લક્ષ્મીપુરા પિયરમાં રહેતી પરિણીતાએ ત્રાસ ગુજારનાર સાસરીયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી

ખેડબ્રહ્મા, તા. ૧૧

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા પિયરમાં રહેતી અને પાલજ ગાંધીનગર પરણાવેલી યુવતીને સાસરીયા દ્વારા શારીરિક તથા માનસિક ત્રાસ ગુજારી ઘરમાંથી કાઢી મુકતા યુવતીએ બુધવારે ત્રણ સાસરીયા વિરૂધ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામના નરસિંહભાઈ પુરોહિતની પુત્રી કોમલબેનને સમાજના રીત-રીવાજ મુજબ ભરડવા બનાસકાંઠાના રાજેશકુમાર અમીરામ દવે સાથે આજથી પાંચ વર્ષ અગાઉ પરણાવી હતી, સાસરીયા હાલ નવાગામ પાલજ ગાંધીનગર રહે છે. કોમલબેનના લગ્નના બે વર્ષ પછી પ્રેગનન્ટ થયા હતા અને પ્રેગન્સીના ત્રણ મહિના પછી કોમલબેનને પેટમાં દુઃખાવો ઉપડતા દવાખાને જવાનો પ્રસંગ ઉભો થયો હતો. દવાખાને જવાની વાત ઘરમાં કરવામાં આવતા પતિ રાજેશકુમાર, સાસુ હંસાબેન તથા જેઠ વિક્રમભાઈ ઉશ્કેરાઈ ગયા હતા. કોમલબેનની સાસુએ તેના પતિને ચડાવતા રાજેશે કોમલને માર મારી કાઢી મુકી હતી. કોમલ તેના પિતાના ઘેર લક્ષ્મીપુરા આવી હતી. પુરા પાસે કોમલે દિકરીને જન્મ આપ્યો હતો ત્યારબાદ કોમલબેનના જીયાણાનું આણું કરવામાં આવતા સાસરીયા પાલજ તેડી ગયા હતા.

કોમલબેનના જેઠને તેમની પત્નિ શારદાબેન સાથે ઝઘડો થતા તે તેના પિયરમાં રહેતા હતા અને કોમલ તેના પતિ રાજેશ-દિકરી તેના સાસુ-જેઠ ભેગા રહેતા હતા. કોમલની દિકરી રંગે કાળી હતી. તેથી કોમલની સાસુ હંસાબેન તથા જેઠ વિક્રમભાઈ-કોમલના પતિ રાજેશને ચડામણી કરતા અને દિકરાની જગ્યાએ દિકરી લઈ આવી છે તેવા મ્હેણા-ટોણા મારી ત્રાસ ગુજારતા હતા અને ઘરમાંથી કાઢી મુકવાની વાતો કરતા હતા. કોમલબેન તેનો ઘર સંસાર તૂટે નહિ તે માટે ત્રાસ સહન કરી સાસરીમાં જ રહેતી હતી. દરમિયાન તા. ૨ એપ્રિલે કોમલ ઘરનું કામ કરી કચરાનું ટોપલું ભર્યુ હતું, જે ઉપડાવવા તેના પતિને કહેતા લાત મારી ટોપલું વેરી નાખ્યુ હતું અને મારઝૂડ કરી હતી.

## મેઘરજ નગરના વૈષ્ણવ વણીક પરિવારની પરણેતર સગી મોટી બહેને નાની બહેનને કીડનીનું દાન કરી નવું જીવન આપ્યુ

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના મેઘરજ નગરના વૈષ્ણવ વણીક પરિવારની પરણેતર સગી મોટી બહેને નાની બહેનને કીડનીનું દાન કરી નવુ જીવન આપી સમાજમાં પ્રેરણાસ્રોત દાખલો બેસાડ્યો છે. વર્તમાન સમયમાં દાનના પ્રકાર બદલાયા છે. અન્નદાન, વસ્ત્રદાન, દ્રવ્યદાન, રક્તદાન, દેહદાન અને હવે અંગદાનનો મહિમા વધી રહ્યો છે. સમાજમાં ઘણી જાગૃતી આવી રહી છે. મુશ્કેલી કે આપત્તિમાં આવેલ વ્યક્તિને મદદ કરવાની માત્ર વધી રહી છે. અગદાનની જાગૃતિના કારણે અનેક પરિવારોની નવી જિંદગી નવજીવન પામી છે.

આવી જ એક નોંધપાત્ર ઘટના અરવલ્લી જિલ્લાના પછાત આદિવાસી અને બક્ષીપંચની વસતી ધરાવતા રાજસ્થાનની સરહદે અડીને આવેલ મેઘરજ નગરના એક વૈષ્ણવ વણીક પરિવારમાં બની છે. મેઘરજ નગરના નિલેષભાઈ ઓ. શાહના લગ્ન મુંબઈ ખાતે રહેતા અનિતાબેન સાથે કરવામાં આવ્યા હતા. લગ્ન જીવન બાદ અનિતાબેનને છેલ્લા ત્રણ ચાર વર્ષથી કીડનીમાં દુખાવો ઉપડતા મુંબઈમાં સંખ્યાબંધ તબીબીની સારવાર લીધી હતી. તબીબી ચકાસણીમાં કીડની બગડેલ હોવાનું નિદાન થયુ હતુ. નિદાન થતા નવી કીડનીની જરૂર ઉભી થઈ હતી. અને તબીબીઓએ અનિતાબેનની કીડની ટ્રાન્સફર કરવા સલાહ આપી હતી. સલાહ આપતા આ પરિવાર ચિંતામાં મુકાઈ ગયો હતો. અનિતાબેનના નજીકના સગા સંબંધીઓ અને બ્લડ ગૃપ વગેરે મુજબ કીડની કોણ આપે તેવી મુંજવણ થવા લાગી હતી. અનિતાબેનને ત્રણ બહેનો અને એક ભાઈ સાથેનો પરિવાર હતો. તે પૈકી નયનાબહેન અરવલ્લી જિલ્લાના શીણાવાડના વતની હતા. અને હિતેષભાઈ સાથે લગ્નગ્રંથીથી જોડાયા હતા. મોટી બહેન નયનાબેન અને તેમના પતિ હિતેશભાઈ શાહે પોતાની કીડનીનું દાન નાની બેનને કરવા તૈયારી બતાવતા તબીબીઓની સલાહ લેવામાં આવી હતી. તબીબીઓએ જણાવ્યું હતું કે મોટી બહેનની કીડની કામ લાગશે તેવુ જણાતા નયનાબેન તથા તેઓના પતિ આનંદમાં ઘરકાવ થઈ ગયા હતા. પોતાની નાની બહેનને હવે તેઓ નવી જીંદગી આપી શકશે તેનો આનંદ અપાર હતો. બાદ આ બંને બહેનોને એક જ હોસ્પિટલમાં દાખલ કરી સફળ શસ્ત્રક્રિયા કરવામાં આવી હતી અને નાની બહેન અનિતાને કીડની ટ્રાન્સફર કરી હતી. અનિતાબેનને કીડની માફક આવી જતા બંને પરિવારમાં આનંદ અને ઉલ્લાસ, હર્ષની લાગમી પેદા થઈ હતી. આજે બંને પરીવારો કલરવતા બન્યા હતા અને મોટી બહેનની લાગણી ઉદારતા કીડની દાનની તત્પરતાના લીધે અનિતાબેનને નવી જિંદગી પ્રાપ્ત થઈ હતી.




## પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્રનું ગૌરવ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા ત્રણ ડૉકટરો તથા ત્રણ નર્સોને જીલ્લા કક્ષાએ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવતા પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્ર તથા તેમના સમાજનું નામ રોશન કરેલ છે. હિંમતનગર ખાતે તાજેતરમાં જિલ્લા પંચાયત ખાતે યોજાયેલ એવોર્ડસ વિતરણ કાર્યક્રમમાં પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ડૉકટરી સેવા આપી રહેલ સામુહિક આરોગ્ય કેન્દ્રનાં અધિક્ષક અને સ્ત્રી રોગ નિષ્ણાત ડૉ. જીનેશ. બી. રાઠોડ તથા મેડીકલ ઓફિસર ડૉ. જે. કે. પ્રણામી તથા ડૉ. ડી. કે. જોગીયા તથા સ્ટાફમાં નર્સ તરીકે ફરજ બજાવતા કોમલબેન પટેલ, ગાયત્રીબેન નાયી, અલ્કાબેન પટેલને દફતરી સેવાઓની કદર કરીને જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન એસ. તથા જીલ્લા પંચાયત ના પ્રમુખ કુંપાવત દ્વારા ત્રણેય ડૉકટરો અને ત્રણેય નર્સોને એવોર્ડ અને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં જયારે આ સન્માનથી આ તબીબીઓએ ગામ અને સંસ્થા સહિત તેમના સમાજનું ગૌરવ વધાર્યુ છે.

## કંપની સમાચાર

### મહિન્દ્રાએ પાંચ એગ્રિ સ્પેશિયાલિસ્ટ ટ્રેક્ટર્સની નવી શ્રેણી અને ૩૦-૪૫ હોર્સપાવરની રેન્જમાં આધુનિક ટેકનોલોજી ધરાવતા મહિન્દ્રા યુવોની રજૂઆત કરી

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના ફાર્મ ઈક્વિપમેન્ટ સેક્ટરે (એફઈએસ) ૩૦-૪૦ હોર્સપાવરની શ્રેણીમાં નવી પેઢીના, ચડિયાતી ટેકનોલોજી ધરાવતા ટ્રેક્ટર્સની રેન્જ મહિન્દ્રા યુવોની રજૂઆત સાથે ફાર્મ ટેકનોલોજીના ધોરણો વધુ ઊંચા બનાવ્યાં છે. અતિ સફળ ૧૫-૧૭ હોર્સપાવરના ટ્રેક્ટર્સની કંપનીની વર્તમાન શ્રેણીમાં ઉપરોક્ત ટ્રેક્ટર્સનો ઉમેરો થશે.

યુવો શ્રેણી પાંચ મોડેલ્સમાં ઉપલબ્ધ છે - જેમાં અનુક્રમે 265 DI (35HP), 275 DI(35HP), 415 DI (40HP), 475 DI (42HP) અને 575 DI (45HP)નો સમાવેશ થાય છે. આ ટ્રેક્ટર્સ ૧૫ રાજ્યમાં ઉપલબ્ધ બનશે અને તેનો ભાવ રૂ. ૪.૬૪ લાખ (એક્સ શોરૂમ, અમદાવાદ)થી શરૂ થાય છે.

અનોખા અને આ ઉદ્યોગમાં સૌપ્રથમ વખત રજૂ થયેલા 12F+3R ફુલ કોન્સ્ટન્ટ-મેશ ગિયરબોક્સ ધરાવતા સંપૂર્ણપણે નવા પ્લેટફોર્મ પર નિર્માણ પામેલું મહિન્દ્રા યુવો વિવિધ કામગીરીમાં પોતાની પ્રતિભા દર્શાવી શકે છે તથા ખેતીવાડીની ૩૦ કરતા વધુ વિભિન્ન કામગીરીમાં તેનો ઉપયોગ થઈ શકે છે. યુવો રેન્જની આધુનિક ટેકનોલોજી જમીન તૈયાર કરવાથી લઈને કાપણી તેમજ કાપણી પછીની કામગીરી સુધીની જરૂરિયાતો જેવી ખેડૂતોની વૈવિધ્યપૂર્ણ આવશ્યકતા પુરી કરવામાં મદદરૂપ થાય છે, અને તેમને વધુ, ઝડપી અને ચડિયાતી કામગીરી કરવામાં મદદરૂપ થાય છે.

### ટાટા મોટર્સ રજૂ કરે છે સૌથી વધુ રાહ જોવાતી અદ્ભુત, ગતિશીલ હેચબેક - ટીઆગો

ટાટા મોટર્સ આજે જાહેર કરે છે, તેની નવી ફૂલ હેચબેક ટીઆગોની કોમર્શિયલ રજૂઆતની, તેની સાથે આવે છે, કટિંગ એજ ડિઝાઈન, ટેકનોલોજી અને ડ્રાઈવિંગ ડાયનામિક્સની જે ઉદ્યોગમાં એક નવા સેગમેન્ટની બેન્ચમાર્ક સ્થાપશે. શરૂઆતની રિવોટ્રોન ૧.૨ લિટર (પેટ્રોલ) વેરિઅન્ટની કિંમત રૂ. ૩,૩૨,૭૫૮ અમદાવાદ અને રિવોટોર્ક ૧.૦૫ લિટર (ડિઝલ) વેરિઅન્ટની કિંમત રૂ. ૪,૦૮,૯૮૬ અમદાવાદ શો રૂમ, ટીઆગો સમગ્ર દેશમાં ટાટા મોટર્સના ૫૯૭ સેલ્સ આઉટલેટ્સ પર આજથી ઉપલબ્ધ થશે.

ટાટા મોટર્સ તેના કસ્ટમર સર્વિસ પ્રોગ્રામને પણ ટાટા મોટર્સ-સર્વિસ કનેક્ટની રજૂઆત દ્વારા આગામી સ્તરે લઈ જશે, જે ટીઆગોના ગ્રાહકો માટેની એક નવી કસ્ટમર એપ્લિકેશન છે અને જે ગ્રાહકોના ખરીદી પછીના અનુભવને સરળ બનાવે છે અને મુશ્કેલી વગરના સર્વિસ અનુભવ મેળવવા માટે સતત તેમની સાથે જોડાયેલા રહે છે. મફત પીક-અપ અને મુકવાની સેવા પુરી પાડવા ઉપરાંત, ટાટા મોટર્સ સર્વિસ દ્વારા રિપેર સર્વિસ માટે જો એક રાત કરતાં વધુ સમય લાગે તો લોનર કારની ઓફર પણ કરવામાં આવે છે.

આ રજૂઆત અંગે ટાટા મોટર્સના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી ગુઈન્ટેર બુટ્સચેક કહે છે કે, "ટીઆગો, કંઈક ઉત્સાહિત, ટેકનોલોજી ડ્રિવન કારને માર્કેટમાં લાવવાના અમારા જુસ્સા અને પ્રતિબદ્ધતાને દર્શાવે છે. સારામાં સારા ફિચર, એડવાન્સ્ડ ડ્રાઈવિંગ ડાયનામિક્સ, અદ્ભુત ફ્યુઅલ ક્ષમતા, જે પરંપરાગત યુવા ગાડીને શ્રેષ્ઠ મૂલ્ય પુરૂ પાડે છે."

### મતદાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કામાં શાંતિપૂર્ણ રીતે રેકોર્ડ મતદાન થયું હતું. ચૂંટણી પંચના અહેવાલ મુજબ પશ્ચિમ બંગાળમાં ૮૦ ટકા અને આસામમાં ૭૦ ટકા મતદાન નોંધાયું હતું.

આસામમાં ઉંચા મતદાન બાદ ગણતરીનો દોર શરૂ થયો છે. તમામ જગ્યાઓ ઉપર સઘન સુરક્ષા પહેલાથી જ ગોઠવવામાં આવી હતી. આજે સવારે તમામ મતદાન મથકો પર મતદારોની લાંબી લાઈન જોવા મળી હતી. મતગણતરીની પ્રક્રિયા ૧૯મી મેના દિવસે હાથ ધરવામાં આવશે. પ્રાથમિક ઓપિનિયન પોલના તારણ જારી કરવામાં આવી ચુક્યા છે. જે મુજબ આસામમાં ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી શકે છે. ઓપિનિયન પોલ પર વિશ્વાસ કરવામાં આવે તો મમતાની પાર્ટી ૪૦ ટકા મત હિસ્સેદારી મેળવીશકે છે.

### અમાન્ય... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સામે સીધી ટકરાશે. જેથી આ જંગ વધુ રોચક બનશે.

ચકાસણીને અંતે લોક વિકાસ મંચના ૨૪, ભાજપ-કોંગ્રેસના ૩૨-૩૨, રાષ્ટ્રવાદી કોંગ્રેસના ૧૦, બસપાના ૪ અને ૧૩ અપક્ષ ઉમેદવારો મેદાનમાં છે.

બસપાએ વોર્ડ નં. ૭માં આખી પેનલ મેદાનમાં ઉતારી છે તો લોક વિકાસ મંચ વોર્ડ નં. ૧, ૩, ૬ અને ૭માં તેની પેનલ મેદાનમાં ઉતારી છે.

વોર્ડ નં. ૨ અને ૮માં ૩-૩ અપક્ષો મેદાનમાં રહ્યા છે. જ્યારે વોર્ડ નં. ૪, ૫ અને ૭માં ૨-૨-૨ અપક્ષ ઉમેદવારો મેદાનમાં રહેવા પામ્યા છે.

ચકાસણી બાદ હવે અપક્ષ ઉમેદવારોને સમજાવવાના પ્રયાસો આગેવાનોએ શરૂ કર્યા છે. ઉમેદવારી પત્ર પાછા ખેંચવાનો મંગળવાર અંતિમ દિવસ છે અને મંગળવારે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

### સંમેલન યોજાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમાપન સંમેલન ઝાંઝરકા ખાતે યોજાશે. પંડ્યાએ જણાવ્યું હતું કે ૭ સામાજીક સમરસતા સંમેલનમાં પ્રદેશના પદાધિકારીઓ, રાજય સરકારના મંત્રીઓ સહિત સામાજીક આગેવાનો ઉપસ્થિત રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ અગાઉ ગત માસે કિસાન મોરચા દ્વારા રાજયભરમાં સફળતાપૂર્વક ૮ વિરાટ કિસાન સંમેલન તથા ગત ૬ એપ્રિલે રાજયભરમાં ૧૮ સ્થાનો પર ભારત માતા ગૌરવ કુચ યોજાઈ હતી.

### ક્ષણના ચણીબોર ● ૪ પાનાનું ચાલુ...

અકિંચન બ્રાહ્મણ રહેશે.'' દાદાના આશીર્વાદના શબ્દો જાણે શીલાલેખ સમાન પુરવાર થયા.

જીવનના છેલ્લા દિવસોમાં પણ નબળી તબિયત હોવા છતાં તેઓ તા.૦૬-૦૧-૧૯૩૮ થી તા.૧૬-૦૨-૧૯૩૮ (તેમના સ્વધામ ગયાનો દિવસ) સુધી ગામડાઓમાં ફર્યા અને રાજ્યની પ્રજા કલ્યાણલક્ષી યોજનાઓનો વાસ્તવિક અમલ કેવો થાય છે તેની ચકાસણી કરી. જરૂર લાગી ત્યાં સૂચનાઓ આપી સુધારા કરાવ્યા. નાદુરસ્ત તબીયત છતાં આવી આકરી રઝળપાટ એ રાજ્ય તથા તેની પ્રજા તરફની તેમની અપ્રતિમ નિષ્ઠાનું દર્શન કરાવે છે. કવિ શ્રી દુલા ભાયા કાગ આ સાધુ ચરિત દિવાનની શારીરિક સ્થિતિ જોઈને અકળાય છે અને લખે છે.

ભાવેણું માંગણું માગે છે
બુઢ્ઢો સૌ સુખડા ત્યાગે છે
દેયેં ડગમગતો લાગે છે
આમ સાદો આમ સોયલો રે
એનું ખોખલું ખોખું અંગ
(પણ) કોઈ ભાવેણાની આળ કરે તો
બદલે બુઢ્ઢાનો રંગ...
ભાવેણું માંગણું માગે છે.

### ક્રુઝ ટેરેસનો કન્સેપ્ટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઈમારતમાં અધ્યતન એલીવેશન જોવા મળશે. આ સ્કીમમાં લીફટની સુવિધાનો વિશેષ ખ્યાલ રાખવામાં આવ્યો છે અલબત ફલેટના કોઈપણ ફલોર પર રહેતા રહીશોને ખલેલ ના પહોંચે તે માટે ફોરેનની સ્ટાઈલ મુજબ લીફટની મુવમેન્ટ સાઈટ કોર્નર પર રાખવામાં આવી છે. સ્કીમના કોમન પ્લોટમાં વોટર બોડી સાથે બ્રીજનું પણ નિર્માણ કરવામાં આવશે. જયારે વિનાયક લાઈફ સ્ટાઈલના આ પ્રોજેકટ ફરતે ગ્લાસ તેમજ વોટરપ્રુફ પ્લાયવુડની આકર્ષક કંમ્પાઉન્ડ વોલ બનાવવામાં આવશે. સંકુલના કોમન પ્લોટમાં અમદાવાદની પોળ મુજબ પક્ષીઓ માટે ચબુતરા પણ મુકવામાં આવશે. જયારે ટેરેસ પર આર્ટીફીશીયલ લોન સાથે જીમ્નેશીયમના સાધનો પણ જોવા મળશે. સ્કિમની બહારની સાઈડ થી પસાર થતા રસ્તાનું કામ પણ વિનાયક ગ્રુપ દ્વારા જ હાથ ધરવામાં આવ્યું હતું.સરકારી તંત્રની મદદ વગર ૬૦ ફુટના રોડનું કામ પુરુ કરી દેવાયું છે. જયારે સાઉથ કોરીયામાં જોવા મળતા સ્ટ્રીટ લાઈટના પોલ રોડની બંન્ને સાઈડ ફીટ કરવામાં આવશે. આ ઉપરાંત રસ્તાની આજુબાજુ હરીયાળા બગીચાનું પણ નિર્માણ કરાયું છે. યુરોપના પોશ વિસ્તારની ડિઝાઈનની કોપી પેસ્ટ કરી રાયસણની આ સ્કીમમાં ઉપયોગમાં લેવાઈ છે. વિક્રાંતભાઈની સાથે આ પ્રોજેકટ પાછળ તેમના પાર્ટનર હર્ષદભાઈ પટેલ અને આદિત્ય ગોયેન્કા પણ જોડાયેલા છે. ગત્ જાન્યુઆરીમાં આ પ્રોજેકટનું કામ શરુ કરાયું છે.વિનાયક લાઈફ સ્ટાઈલના પ્રોજેકટ પાછળ અંદાજીત ૪૫ કરોડનો ખર્ચ થશે. જયારે માર્ચ ૨૦૧૮માં લકઝુરીયસ ફલેટ બનાવાની યોજનાનું કામ પૂર્ણ કરી દેવાશે તેમ પણ તેમણે જણાવ્યુ છે. એફોર્ડેબલ લકઝુરીયસ આ સ્કીમની ડિઝાઈનથી એનઆરઆઈ વિશેષ પ્રભાવિત થયા છે. જયારે ગાંધીનગર અને અમદાવાદ સહિતના વિસ્તારમાંથી રોજબરોજ આવતા સેંકડો મુલાકાતીઓ સ્કીમની ડિઝાઈન અને પ્લાનીંગ જોઈ દંગ રહી જાય છે. અત્યાર સુધી ૩૫ ટકા બુકીંગ પણ થઈ ગયું છે. સમગ્ર પ્રોજેકટની આર્કીટેક્ટ તરીકે પ્રજ્ઞાબેન મચ્છર અને લેન્ડસ્કેપીંગ ડિઝાઈનનું કામ લોકેન્દ્રએ કર્યુ છે.

### સુપ્રીમની મંજૂરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોર્ટના આ નિર્ણયનો વિરોધ કર્યો હતો અને કોર્ટમાં સમીક્ષા માટેની રજૂઆત કરી હતી. એમસીઆઈના એક અધિકારીએ વિગત આપતા કહ્યું છે કે, વિદ્યાર્થીઓને અનેક પરીક્ષાઓમાં બેસવા અને યાત્રા પર હજારો રૂપિયાનો ખર્ચ કરવો પડે છે. કેટલાક વિદ્યાર્થીઓએ જુદી જુદી કોલેજોમાં પ્રવેશના દાવા કરીને તેમના અધિકારો આંચકી લેવામાં આવે છે.સમગ્ર ભારતમાં ૯૦થી વધારે મેડીકલ પ્રવેશ પરીક્ષા યોજવામાં આવે છે.

સુપ્રીમ કોર્ટે આજે આપેલા આદેશથી છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી ચર્ચાનો અંત આવી ગયો છે. કોર્ટે ઠેરવ્યું છે કે, એમસીઆઈ ખાનગી મેડીકલ કોલેજો ઉપર કોમન એન્ટ્રેન્સ ટેસ્ટ (સીઈટી) યોજવાનો અધિકાર ક્ષેત્ર ધરાવતી નથી. આ હિલચાલથી બંધારણીય જોગવાઈઓનો ભંગથાય છે.એમસીઆઈએ ચુકાદાનો વિરોધ કરીને સમીક્ષા માટેની અરજી કોર્ટમાં કરી દીધી હતી.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, કોર્ટ કોમનએન્ટ્રેન્સ ટેસ્ટની કાયદેસરતા અંગે નવેસરથી વિચારણા કરશે. કોર્ટે એમ પણ કહ્યું હતું કે, જ્યાં સુધી મામલાનો કોઈઅંતિમ નિર્ણય ન આવે ત્યાં સુધી નીટને અમલીકરણ રીતે જારી રાખી શકાય છે.

